# રાજ્યમાં ભાજપમાં વર્ચસ્વની લડાઈમાં પાર્ટીલાઈનવાળા કાર્યકરો ભારે મુંઝવણમાં

કોરોનાના કકળાટમાં ઘણું બધુ અટકી ગયુ છે... ઘણુ બધુ થંભી ગયુ છે. વેપાર-ધંધાની વાત તો છે ને છે જ પરંતુ ગુજરાતમાં રાજકીય પ્રવાહો થંભ્યાનો ભાસ થાય છે. બહારથી શાંત લાગતા ગુજરાતના રાજકારણમાં ભારે આંતરિક લડાઈના દૃશ્યો સ્પર્શી જાય છે. ભારતીય જનતા પાર્ટીમાં શીતયુદ્ધ ચાલી રહ્યાના એંધાણ વર્તાય છે. વર્ચસ્વની લડાઈ ચાલે છે. કોનુ વર્ચસ્વ વધારે છે એ દેખાડી દેવાની લાયમાં પક્ષ વેર વિખેર થઈ રહ્યો છે. સરકાર અને સંગઠન વચ્ચે ચાલતો નાનો મોટો ચણભણાટ પરાકાષ્ઠાએ પહોંચી રહ્યો છે. 'પક્ષના' અને 'સરકાર'ના કાર્યક્રમો અલગ-અલગ રીતે ચાલી રહ્યા છે.

**સંનિષ્ઠ કાર્યકરો માને છે કે જૂથબંધીના પ્રસરતા વાયરસથી સંગઠન ખોખલુ બની રહ્યું છે**

હાલ 'પાર્ટીલાઈન'માં ચાલતા કેટલાય કાર્યક્રમો ભારે મુંઝવણ અનુભવે છે કે કોનુ કહ્યું માનવું..?! શું કરવું ?! કોના પક્ષે રહેવું..?! આવી મુંઝવણ ભાજપમાં ક્યારેય અગાઉ કાર્યકરોએ જોઈ નથી. તાલુકા કક્ષા સુધી જાણે-અજાણે જૂથબંધીનો વાયરસ પ્રસરી ગયો છે અને કાર્યકરો ખુલ્લેઆમ બોલતા થયા છે. ટુંકજ સમયમાં નવાજુની થવાની છે. શું નવાજુની ?! શેની નવાજુની..?! કોઈ ખુલીને બોલતું નથી..! પણ 'કમલમ્' કે 'મંત્રી નિવાસ'માં ખાનગી મીટીંગોમાં થતી ચર્ચાઓ હવે શેરીઓમાં થવા લાગી છે. ભલે પક્ષમાં સબ સલામતની બાંગ પોકારાતી હોય પરંતુ ગમા-અણગમાનું રાજકારણ ભાજપમાં હવે ઉધઈની જેમ વિસ્તરતું જાય છે અને સંગઠન ખોખલું બની રહ્યું છે એ વાત હવે પાયાના આગેવાનો પણ સ્વીકારતા થયા છે.

સરકારના કાર્યક્રમોની સમાંતર અથવા પુનરાવર્તન ભારે ચર્ચા જગાવે છે. ભાજપમાં તો એટલે સુધી વાત ચાલે છે કે દરેકને 'ઉપરવાળા'ના આશિર્વાદ હોય તો જ લડાઈ આટલી તીવ્ર બની શકે..! રાજકીય સમીકરણો જે હોય તે પણ પક્ષના કાર્યકરો આજે જેટલાં દુઃખી છે એટલા અગાઉ ક્યારેય નહોતા..!! 'કોરોના'એ સર્જેલી સ્થિતિ અને ત્યારબાદ 'તાઉતે'ની તારાજી બાદ વર્ચસ્વની લડાઈએ કાર્યકરો ભારે નિરાશા તરફ ધકેલાયા છે.



વાતાવરણમાં અચાનક પલટો - શહેરના ગગનમાં મોડી સાંજે વાતાવરણમાં અચાનક પલટો અનુભવાયો હતો... તેજ પવન સાથે વાદળોની આવન-જાવનના પગલે ગરમીમાંથી સહેજ રાહત લાગી હતી... આકાશમાં સર્જાતા અવનવા દૃશ્યો સંધ્યાકાળે રળિયામણા બન્યા હતા... શહેરના માર્ગો પર લહેરાતા વૃક્ષો અને વાદળોની રમઝટ અનોખી અનુભૂતિ કરાવતા હતા...

# મિલ્કતવેરામાં વળતરની યોજના ૩૦ જૂન સુધી મનપા દ્વારા લંબાવાઈ

**અગાઉના વર્ષોની તુલનામાં કોરોનાની મહામારીને કારણે આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાએ મિલ્કતવેરામાં ૧૦ટકા વળતરની યોજના આગામી ૩૦-૬-૨૦૨૧ સુધી લંબાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

મનપા દ્વારા આજે આ અંગે જારી કરાયેલ અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે કોરોનાની મહામારીના પગલે ૩૧-૫-૨૦૨૧ સુધીમાં વેરો ભરી રાહત મેળવવાનું ઘણા બધા નાગરિકોને રહી ગયુ છે. તંત્રએ આ અંગે મળેલ રજુઆતોને સહાનુભૂતિપૂર્વક વિચારણામાં લઈ આ વળતર યોજનાનો લાભ ૩૦-૬-૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

મનપા દ્વારા જનસેવા કેન્દ્ર પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા સાથે માસ્ક પહેરીને આવતા મિલ્કતધારકો માટે રોકડમાં અને ચેકથી આ નાણાં સ્વીકારવાની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. આ સેવાઓ રજાના દિવસો સિવાય સવારે ૯ થી ૪ સુધી કાર્યરત રહેશે. મિલ્કતવેરાના નાણાં ઓનલાઈન પણ ચુકવી શકાશે તેમ પણ આ યાદીમાં જણાવ્યુ છે.

મનપાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે કે ૩૧-૫-૨૧ સુધીમાં રૂ. ૭.૦૯ કરોડ જેટલી વસુલાત મિલ્કતવેરાની થઈ છે.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે દર વર્ષે મિલ્કતવેરાની આવક જે સામાન્યતઃ નોંધાતી હતી તેમાં માર્ચ એપ્રિલમાં કોરોનાની આવેલી બીજી લ્હેરને કારણે ભારેખમ ઘટાડો નોંધાયો છે. બિનસત્તાવાર સૂત્રોના કહેવા મુજબ રૂ. ૧૫ કરોડથી પણ વધુનો ઘટાડો આ વર્ષે નોંધાયો છે.

મિલ્કતવેરાની વસુલાત છેલ્લા ૧૦ વર્ષમાં હજુ પણ એકેય વર્ષમાં ૧૦૦ ટકા સુધી પહોંચી નથી. તેમજ તેની આવકના લક્ષ્યાંકો પણ પૂરા થયા નથી.

બીજી તરફ ગત વર્ષે સરકારે જેમ મિલ્કતવેરા માટે ખાસ છુટછાટો આપી હતી તેવી છુટછાટો આપવી જોઈએ તેવી ચર્ચાઓ લોકજીભે શરૂ થઈ છે. જો કે આ વખતે કોઈ છુટછાટ આપવાના મૂડમાં સરકાર હોય તેમ લાગતુ નથી.

મલકતવેરો ભરવા અંગે અત્રેની કચેરીની વેબસાઈટ www.gandhinagarmunicipal.com ઉપર જરૂરી સૂચનાઓ મુકવામાં આવી છે. ઓનલાઈન મિલકતવેરાની ચુકવણી કરવા અત્રેની કચેરીની વેબસાઈટ www.gandhinagarmunicipal.com તથા https://enagar.gujarat.gov.in ની મુલાકાત લેવાની રહેશે.

# જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે માણસાના અનિલ પટેલની નિયુક્તી

**બક્ષીપંચ અને દહેગામ તાલુકાને અન્યાય થતાં કાર્યકરોમાં રોષની લાગણી જોવા મળી**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે અનિલ પટેલની વરણી આજે પ્રદેશ સંગઠન દ્વારા કરવામાં આવી છે.

જિલ્લા ભાજપમાં ઉપપ્રમુખ તરીકે તેઓ સેવાઓ આપતા હતા હવે પ્રમુખ તરીકે ફરજો બજાવશે. જિલ્લામાં આ વખતે પ્રમુખપદ માટે સૌથી વધુ મજબુત દાવો દહેગામનો હતો પરંતુ દહેગામની અવગણના કરવામાં આવતાં દહેગામ તાલુકામાં કાર્યકરોનો ગણગણાટ વધી જવા પામ્યો છે. જિલ્લામાં બક્ષીપંચની સૌથી વધુ વસ્તી હોવા છતાં બક્ષીપંચને પણ જિલ્લાનું પ્રમુખપદ ફાળવવામાં ન આવતાં આ સમાજમાં પણ નારાજગીનો સૂર ઉઠ્યો છે. જિલ્લા પંચાયતનું પ્રમુખપદ પટેલને ફાળવવામાં આવ્યા પછી સંગઠનમાં પ્રમુખપદ અન્ય સમાજને મળશે તેવી રાજકીય ચર્ચાઓ હતી પરંતુ ભાજપની નેતાગીરીએ તમામ ચર્ચાઓનો છેદ ઉડાડી અને માણસાના અગ્રણીની પસંદગી કરી છે.

અનિલભાઈ પટેલ આમ તો સંગઠનના માહિર ગણાય છે તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમ્યાન નોંધનીય કામગીરી કરી હતી તેથી તેમને નવાજવામાં આવ્યાની વાતો પણ કાર્યકરોના મુખે સાંભળવા મળી છે. જિલ્લા ભાજપના નવા વરાયેલા પ્રમુખ અનિલ પટેલ કલોલના નૌલેશ શાહના અનુગામી બનશે. તેઓ હવે આગામી દિવસોમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે અને પછી પ્રદેશ સાથે પરામર્શ કર્યા બાદ તેમની નવી ટીમની રચના જાહેર કરશે. દહેગામ તાલુકાને ક્યારેય પ્રમુખપદ ન મળ્યુ હોવાથી ત્યાં કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. જિલ્લા પંચાયત, વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય અપાવ્યા પછી અન્યાય કરવામાં આવતાં કાર્યકરોમાં રોષની લાગણી જન્મી છે.

# શહેરમાં ચ-૨ અને ચ-૩ જંકશન પર અન્ડર પાસના નિર્માણ માટે દરખાસ્ત

**બજેટમાં રૂ ૨૪ કરોડની જોગવાઇ : વહીવટી દરખાસ્ત કરી તંત્રએ વિભાગને સુપ્રત કરી દીધી**


ગાંધીનગર તા ૩૧

શહેરના ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર થઈ ગયો છે. જયારે ગ માર્ગ પર અન્ડર પાસના નિર્માણની કામગીરી ચાલી રહી છે. બીજીતરફ નગરના ચ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. બજેટમાં ચ-૨ અને ચ-૩ પાસે અન્ડર પાસ બનાવવા માટે રૂ ૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા અન્ડર પાસને અનુલક્ષી વહીવટી દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવામાં આવી છે.

શહેરના ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાની કામગીરી ચાલી રહી છે. શહેરના ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરી પુર્ણ થઈ ગઈ છે. જયારે સર્વિસ રોડનુ કામ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. શહેરમાં મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. છેલ્લા એક દાયકામાં માર્ગો પર દોડતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના લીધે ટ્રાફિક સિનારીયો બદલાયો છે.

જયારે હવે શહેરના ઘ અને ગ માર્ગની સાથે નગરના ચ માર્ગ પર પણ અન્ડર પાસ બનાવવા માટે ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી અન્ડર પાસ ઉપરના ભાગે પાર્કનુ નિર્માણ પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે હવે આ કામગીરીના અંતે શહેરના ચ માર્ગ પર ટ્રાફિકનો સિનારિયો આગામી દિવસોમાં બદલાશે. શહેરમાં ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ આમ પણ મેગાસીટીની જેમ હવે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે મુખ્યમાર્ગો પર ટ્રાફિકની અવરજવર વધુ સલામત , ઝડપી અને સરળ બનાવવા માટે પણ રોડ નેટવર્કને અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ પર અન્ડર પાસ તૈયાર કરવા માટે ગત બજેટમાં રૂ ૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેને અનુલક્ષી માર્ગ મકાન વિભાગે પણ ખાસ દરખાસ્ત તૈયાર કરી છે.

તંત્ર કક્ષાએથી અન્ડર પાસ માટે દરખાસ્ત તૈયાર કરી વિભાગને મોકલી દેવામાં આવી છે. ચ-૨ અને ચ-૩ પાસે અન્ડર પાસ તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે વહીવટી મંજુરીના અંતે અન્ડર પાસનુ આયોજન આગળ વધશે જો કે હજુ અન્ડર પાસના નિર્માણની કામગીરી માટે ઘણો સમય લાગશે.




# જિલ્લામાં રિકવરી રેટ ૯૨ ટકાએ પહોંચ્યો : નવા ૧૯ કેસ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૯ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનામાંથી ૯૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. જિલ્લાનો રિકવરી રેટ ૯૨ ટકાએ પહોંચ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૭ કેસ નોંધાયા છે. આમ સતત બીજા દિવસે પણ ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ થી ઓછા કેસ નોંધાયા છે. શહેરમાં આજે વધુ ૧૨ કેસ નોંધાયા છે.

**ગાંધીનગરમાં ૪, દહેગામમાં ૨, માણસામાં ૧ કેસ : શહેરમાં સે. ૪ અને કુડાસણમાં ૨-૨ કેસ સાથે કુલ ૧૨ કેસ નોંધાયા**

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં અને રિકવરી રેટમાં જોરદાર વધારો થતાં તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે. તંત્રએ હવે તેનુ ધ્યાન વેક્સિનેશન કાર્યક્રમને સઘન બનાવવા પર કેન્દ્રીત કર્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ કેસ નોંધાયા છે જેમાં દહેગામમાં ૨, ગાંધીનગરમાં ૪ અને માણસામાં ૧ કેસ નોંધાયો છે. આજે નોંધાયેલા ૭ કેસમાં બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દહેગામ તાલુકામાં આજે ડેમલીયા અને નાંદોલમાંથી કેસો મળ્યા છે. માણસા તાલુકાના લોદરા ગામેથી આજે એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. તાલુકાના ચંદ્રાલા, ઉનાવા, સોનારડા અને વાંકાનેરડા ગામેથી આ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૨૮૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૧૪૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૨ નવા કેસ મળી આવ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૪ માંથી ૨, કુડાસણમાંથી ૨ તેમજ સે. ૨, ૧૫, ૨૦, ૩-એ-ન્યુ, ભાટ, પાલજ, પેથાપુર અને સરગાસણમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ ૯૪ ટકાએ પહોંચ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૭૦ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

શહેરમાં હવે છુટા છવાયા કેસો મળી રહ્યા છે તેથી તંત્રએ સર્વેલન્સને સઘન કરવા સાથે ટ્રેસીંગ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટ પર ભાર મુક્યો છે.

# ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ૧૪૬ શિક્ષકોને નિમણુંક પત્ર અપાશે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર જિલ્લાની ઉચ્ચર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોના અભાવે શિક્ષણ પર વિપરિત અસર થઈ રહી છે. જયારે શિક્ષકોની ઘટને નિવારવા માટે અત્યાર સુધી પ્રવાસી શિક્ષકોથી કામ ચલાવવામાં આવતુ હતુ જયારે હવે જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુલક્ષી ૧૪૬ શિક્ષક સહાયકોને નિમણુંક પત્ર આપવામાં આવશે. જેના લીધે જિલ્લામાં એક પણ શિક્ષકની ઘટ રહેશે નહી જયારે પ્રવાસી શિક્ષકોની ભરતી પણ કરવામાં આવશે નહીં.

ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર પડી રહી છે. જયારે બોર્ડના પરિણામ પર વિપરિત અસર પણ જોવા મળી છે. સરકારે પ્રવાસી શિક્ષકોની યોજના શરૂ કર્યા બાદ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રવાસી શિક્ષકોથી અભ્યાસ ચાલતો હતો. એકબાજુ કોરોના કાળમાં શિક્ષણ કાર્ય પણ ઠપ્પ થઈ ગયુ હોય તેવી સ્થિતિ છે. ત્યારે શિક્ષણ સહાયકો ઘણાં સમયથી પરીક્ષા પાસ કરીને બેઠા છે. તેમને નિમણુંક પત્રો પણ આપવામાં આવતા ન હતા પરંતુ આખરે સરકારે શિક્ષણ નિમણુંક પત્ર આપવાનો નિર્ણય કર્યો છે. જે અન્વયે આવતીકાલે મુખ્યમંત્રી દ્વારા પાંચ ઉમેદવારોને નિમણુંક પત્ર આપવામાં આવશે. ગાંધીનગરમાં કુલ ૧૪૬ જેટલા શિક્ષણ સહાયકોની નિમણુંક કરવામાં આવનાર છે. જે પૈકી પાંચને મુખ્યમંત્રીના હસ્તે નિમણુંક પત્ર અપાશે. જયારે કલેકટર દ્વારા ૨૦

**શિક્ષણ સહાયકોની ભરતીના લીધે જિલ્લામાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થઇ જશે : કોરોના કાળમાં ઓનલાઇન શિક્ષણની કામગીરી વધુ ગુણવત્તા સભર બનશે**

ઉમેદવારોને એપોઈન્ટમેન્ટ લેટર અપાશે. જયારે ૧૨૦ જેટલા ઉમેદવારોને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નિમણુંક પત્ર અપાશે. છેલ્લા ઘણાં સમયના અંતે શિક્ષણ સહાયકો અલબત્ત શિક્ષકોને નિમણુંક આપવામાં આવતા અન્ય શિક્ષકો પર કામગીરીનુ ભારણ ઘટશે. ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ભરત વાઢેરે જણાંવ્યા મુજબ એક સાથે ૧૪૬ શિક્ષણ સહાયકોને નિમણુંક આપવામાં આવતા ગાંધીનગરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અત્યાર સુધી શિક્ષકોની જે ઘટ હતી તે પુરાઈ ગઈ છે. આવતીકાલે નિમણુંક આપી દેવાની સાથે ગાંધીનગર જિલ્લાની એક પણ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકની ઘટ રહેશે નહીં જેથી પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવશે નહીં. આ ઉપરાંત કાયમી શિક્ષકો ભરાઈ જતા કોરોના કાળમાં ઓનલાઈન શિક્ષણ પ્રથાને વેગ મળશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com